પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૯૦ | ૧ જાન્યુઆરી, ૨૦૨૨, શનિવાર; માગશર વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

આવો, નવી ઉર્જા અને નવી આશા સાથે ૨૦૨૨ને વધાવીએ....

વિશ્વમાં કોરોનાનો હાહાકાર

અમેરિકામાં રેકોર્ડ બ્રેક નવા ૫,૮૭,૫૬૪ કેસ : વિશ્વમાં અત્યાર સુધીનો સર્વાધિક કેસનો રેકોર્ડ

ગાંધીનગર, તા.૩૧

વિશ્વભરમાં કોરોનાએ પુનઃ હાહાકાર મચાવ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં વિશ્વમાં રેકોર્ડ ૧૮.૮૬ લાખ કેસ નોંધાયા છે. કોરોનાની સુનામી વચ્ચે વિશ્વમાં નવા વર્ષની ઉજવણી થઈ રહી છે.

વિશ્વભરમાં કોરોનાનો કહેર ફરી પાછો ફેલાયો છે. યુરોપિયન દેશોમાં તો જાણી હાહાકાર મચી ગયો છે. દરરોજ કોરોનાના કેસના નવા નવા રેકોર્ડ નોંધાઈ રહ્યા છે.

નવા ઓમિક્રોન વેરિયન્ટના ફેલાવા બાદ કોરોનાના કેસો ખૂબ ઝડપથી વધી રહ્યા છે. જાણે કોરોનાના કેસોની સુનામી આવી ગઈ છે. વિશ્વભરમાં કોરોનાનો સૌથી મોટો વેવ છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયો છે. સમગ્ર વિશ્વમાં કોરોનાના ૧૮.૮૬ લાખ કેસ નોંધાયા છે. જે અત્યાર સુધીનો સર્વાધિક દૈનિક કેસોનો રેકોર્ડ છે.

યુરોપ તો કોરોનાના મહાતાંડવમાં ફસાયું છે. અમેરિકામાં કુલ કેસ સાડા પાંચ કરોડને પાર પહોંચ્યા છે. ફ્રાન્સમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨.૦૬ લાખ નવા કેસ, યુકેમાં ૨૪ કલાકમાં ૧.૮૯ લાખ નવા કેસ નોંધાયા છે. આ ઉપરાંત સ્પેન અને ઈટાલીમાં ખૂબ ઝડપથી કોરોનાના કેસ વધી રહ્યા છે. સ્પેનમાં ૧.૬૧ લાખ અને ઈટાલીમાં ૧.૨૬ લાખ નાવ કેસ છેલ્લા ૨૪ કલાક દરમિયાન નોંધાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

દેશમાં એક જ દિવસમાં કોરોનાના કેસમાં ૨૭ ટકાનો વધારો નોંધાયો

નવી દિલ્હી, તા.૩૧

ગુરુવારે નોંધાયેલા કોરોના સંક્રમણના નવા ૧૬,૭૦૦ જેટલા કેસ સાથે દેશમાં સતત ત્રીજા દિવસે કોવિડ -૧૯ કેસ વધી રહ્યા છે, જે પાછલા દિવસની સંખ્યા કરતા ૨૭% વધુ છે. જો ત્રણ દિવસની વાત કરવામાં આવે તો સોમવારથી દૈનિક કેસની સંખ્યા ૨.૬ ગણી વધી ગઈ છે. ગુરુવારે મોડી રાત સુધીમાં ભારતમાં ૧૬,૬૯૫ નવા કેસ નોંધાયા હતા, જેમાં કેટલાક રાજ્યોના ડેટા હજુ આવવાના બાકી છે. ૨૦ ઓક્ટોબરના રોજ ૧૮,૩૮૮ કેસ નોંધાયા પછી પાછલા ૭૧ દિવસમાં એક દિવસમાં નોંધાયેલા આ સૌથી વધુ કેસ છે. ગુરુવારનો ફાઈનલ આંકડો તો ૧૬,૭૦૦થી વધુ થવાની ધારણા છે, જે બુધવારે સામે આવેલા ૧૩,૧૮૦ નવા કેસ કરતાં ૨૭% વધારે છે.

સોમવારથી માત્ર ત્રણ દિવસમાં કેસમાં નાટ્યાત્મક વધારો જોવા મળ્યો છેય પહેલા દિવસે સોમવારે જ્યારે ૬,૨૪૨ નવા કોરોના કેસ નોંધાયા હતા. જ્યારે નવા કેસમાં મુંબઈ, દિલ્હી, કોલકાતા અને બેંગલુરુ જેવા મોટા મહાનગરોમાં સૌથી વધુ વધારો જોવા મળી રહ્યો છે, ત્યારે કેરળ અને ઉત્તરપૂર્વના રાજ્યો સિવાય મોટાભાગના રાજ્યોમાં કેસ વધી રહ્યા છે. મહારાષ્ટ્રમાં એક દિવસમાં નવા કેસમાં લગભગ ૪૦% નો વધારો નોંધાયો છે. ગુરુવારે ૫,૩૬૮ નવા કેસ સામે આવ્યા હતા. તેમાંથી ૩,૫૫૫ કેસ તો એકલા મુંબઈમાંથી આવ્યા હતા. જેમાં બુધવારથી અત્યાર સુધીમાં ૪૫% જેટલો વધારો થયો છે. આ વધારો એટલા માટે પણ ચિંતાજનક છે કે આ વર્ષે ૫ મે પછી મુંબઈના દૈનિક કેસનો આંકડો નવો આંકડો સૌથી વધુ છે.

બંગાળમાં કોરોના કેસમાં ઉછાળો વધુ તીવ્ર છે. રાજ્યમાં કોવિડ કેસ એક દિવસમાં લગભગ

બમણા થઈ ગયા છે. બુધવારે ૧,૦૮૯થી વધીને ૨,૧૨૮ થઈ ગયા છે. જેમાં સૌથી વધુ વધારો કોલકાતામાં ૧૦૨% વધ્યો છે.

અહીં એક જ દિવસમાં નવા કેસ ૫૪૦ થી વધીને ૧,૦૯૦ થઈ ગયા છે. તો દિલ્હીમાં પણ બુધવારના ૯૨૩ થી ગુરુવારે વધીને ૧,૩૧૩ નવા કેસ નોંધાયા છે.

જ્યારે કેરળમાં ૨,૪૨૩ કેસ નોંધાયા છે, જે મહારાષ્ટ્ર પછી બીજા નંબરની સૌથી વધુ સંખ્યા છે. જોકે રાજ્યમાં મહામારી સતત ઓછો થઈ રહી હોય તેવું આંકડા કહી રહ્યા છે. કારણ કે આ અઠવાડિયાની સંખ્યા ગયા સપ્તાહના દિવસો કરતા ઓછી છે. જોકે, કેરળના પડોશી રાજ્યોમાં નવા કોરોના કેસની સંખ્યા વધી રહી છે. તમિલનાડુમાં ૮૯૦ નવા કેસ નોંધાયા છે. જે ૪ નવેમ્બર પછી રાજ્યમાં સૌથી વધુ છે. કર્ણાટકમાં ૨૬ સપ્ટેમ્બર પછી એક દિવસમાં સૌથી વધુ ૭૦૭ કેસનો વધારો થયો છે.

દ.આફ્રિકાએ ૫૦ દિવસમાં ઓમિક્રોન પર કાબૂ મેળવ્યો

પ્રિટોરિયા, તા.૩૧

કોરોનાના નવા વેરિએન્ટ ઓમિક્રોનના કારણે ભારત સહિતના દુનિયાના બીજા દેશો ચિંતામાં છે ત્યારે સાઉથ આફ્રિકામાં હવે ઓમિક્રોનના ઘટી રહેલા કેસથી દુનિયાને આશાનુ કિરણ દેખાયુ છે. સૌથી પહેલા સાઉથ આફ્રિકામાં જ ઓમિક્રોન વેરિએન્ટ બહાર આવ્યો હતો.જોકે આ દેશે પચાસ જ દિવસમાં ઓમિક્રોન પર કાબૂ મેળવી લીધો છે.મોતના આંકડામાં પણ કોઈ વધારો જોવા મળ્યો નથી.સાઉથ આફ્રિકાએ નાઈટ કરફ્યૂ પણ હટાવી લીધો છે તેમજ બીજા નિયંત્રણો પણ હટાવી લેવાના શરુ કર્યા છે. નવેમ્બર મહિનાના પહેલા સપ્તાહમાં સાઉથ આફ્રિકામાં ઓમિક્રોનનો પહેલો કેસ સામે આવ્યો હતો.એ પછી ઝડપથી સંક્રમણ ફેલાયુ હતુ.આ વેરિએન્ટ વધારે લોકોને સંક્રમિત કરી શકે તેમ હોવાથી એક જ દિવસમાં કોરોનાના કેસમાં ૨૩૦૦૦નો ઉછાળો થયો હતો. જોકે શરુઆતના ચાર સપ્તાહ સુધી તેનુ સંક્રમણ ચરમસીમા પર રહ્યા બાદ હવે છેલ્લા બે સપ્તાહથી કેસમાં કોઈ ઉછાળો જોવા મળ્યો નથી.હવે આ દેશમાં સંક્રમણમાં ૩૦ ટકાનો ઘટાડો થઈ ગયો છે.રોજના ૧૧૦૦૦ જેટલા કેસ સામે આવી રહ્યા છે.બેએક રાજ્યોને છોડતા અહીંયા સંક્રમણ ઘટી ગયુ છે અને હોસ્પિટલમાં દાખલ દર્દીઓ પણ ઓછા થઈ ગયા છે.

રતન ટાટાએ જન્મદિન અંગત સચીવ સાથે સાદગીથી ઊજવ્યો

નવી દિલ્હી, તા.૩૧

દિગ્ગજ ઉદ્યોગપતિ રતન ટાટા કોઈ પરિચયના મોહતાજ નથી. તેઓ પોતાના કામ અને સાદગીને લઈ સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે. ગત મંગળવારે (૨૮ ડિસેમ્બર) તેમણે જ્યારે પોતાનો ૮૪મો જન્મદિવસ ઉજવ્યો તો તેમાં પણ તેમની સાદગીની ઝલક જોવા મળી હતી.

બર્થડે સેલિબ્રેશન વખતે તેમની સાથે એક યુવાન પણ હાજર હતો જેની સોશિયલ મીડિયામાં ભારે ચર્ચા જામી છે.

સપાના MLCના ત્યાં આવકવેરાના દરોડા પડ્યા

કન્નૌજ,તા.૩૧

ઉત્તર પ્રદેશના કન્નૌજમાં આવકવેરા વિભાગે સમાજવાદી પાર્ટીના એમએલસી અને અત્તરના વેપારી પુષ્પરાજ જૈન ઉર્ફે પમ્મીના ઠેકાણા પર દરોડા માર્યા છે. આ ઉપરાંત કન્નૌજમાં મોહમ્મદ યાકુબ પર્ફ્યૂમ ઉપર પણ દરોડાની કાર્યવાહી ચાલુ છે. સવારે ૭ વાગ્યાથી રેડની કાર્યવાહી ચાલુ છે.

આવકવેરા વિભાગની રેડ કન્નૌજમાં સપાના સ્ન્ઝ પુષ્પરાજ જૈન ઉર્ફે પમ્પીના ઘર અને ઓફિસ પર પડી છે. પિયુષ જૈનના ઠેકાણા પર જીએસટીની રેડ દરમિયાન પમ્પી જૈનનું નામ સામે આવ્યું હતું.

ફેબ્રુઆરી બાદ કોરોનામાં ઘટાડો આવશે

કેન્દ્રની કોર કમિટીમાં રહેલા ડો. દિલિપ માવલંકરે કહ્યું : કોરોનાના આ વેરિયન્ટથી ગભરાવાની જરૂર નથી

ગાંધીનગર, તા.૩૧

ગુજરાતમાં કોરોનાના કેસ રોકેટગતિએ આગળ વધી રહ્યા છે. જેના કારણે ઓમિક્રોનના કારણે સ્થિતિ વધારે વિકટ બની રહી છે. સંક્રમણનો રેટ અગાઉના તમામ રેકોર્ડ તોડી રહ્યો છે. જો કે હાલની સ્થિતિ જોતા ફેબ્રુઆરીમાં કોરોના ટોચે હશે. જો કે ફેબ્રુઆરી બાદ ધીરે ધીરે કોરોનામાં ઘટાડો આવશે. આ અંગે જણાવતા કેન્દ્રની કોર કમિટીમાં રહેલા ડોક્ટર દિલિપ માવલંકરે જણાવ્યું કે, કોરોનાના



આ વેરિયન્ટથી ગભરાવાની જરૂર નથી. આ અંગે તેમણે જણાવ્યું કે, સાઉથ આફ્રિકાની સ્થિતિ ઓમિક્રોનનાં કારણે થોડી ગંભીર છે. તેનાથી વધારે વસતી ગુજરાતની છે. જે ઝડપે કોરોના વધી રહ્યો છે તે જોતા ફેબ્રુઆરીમાં કોરોના ટોચ પર હશે. જ્યારે દેશના અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાતમાં કોરોના પુરો થશે તેવા ટોચનાં ત્રણ રાજ્યોમાં હશે. આ વખતે કોરોનાના આંકડા રેકોર્ડ સ્થાપિત કરશે. આ કોરોનાનો ચોથો વેવ હશે. જો કે તેમણે કહ્યું કે, ગુજરાતમાં ઓમિક્રોન ઝડપથી વધી રહ્યો છે. જો કે આ કોરોનાના આંકડામાં કોવિડ અને ઓમિક્રોનના કેસ કેટલા છે તે જાણ્યા બાદ જ ટ્રેન્ડની ખબર પડશે. ઓમિક્રોનનાં ટેસ્ટ ઓછા થઈ રહ્યા હોવાથી હાલ ટ્રેન્ડ સ્પષ્ટ નથી થઈ રહ્યો તેવું પણ તેમણે જણાવ્યુંહ તું. જો કે સાથે સાથે તેમણે તે પણ જણાવ્યું કે, હાલ ઓમિક્રોનનાં કુલ કેસ પૈકી અડધા કેસ અમદાવાદમાં છે. આગામી દોઢ મહિનામાં કોરોના પોતાના પીક પર હશે. ત્યાર બાદ ડાઉનફોલ આવશે.

જો કે સૌથી સકારાત્મક સમાચાર છે કે, પેન્ડેમિકમાં સામાન્ય રીતે પેન્ડેમિકમાં ચાર વેવ હોય છે. અમદાવાદમાં તો ચોથી વેવ છે. અહીં પહેલા વેવ એપ્રિલ ૨૦૨૦માં, બીજી દિવાળી ૨૦૨૦ માં અને ત્રીજી એપ્રિલ ૨૦૨૧ આવી હતી. આ દિવાળી ૨૦૨૧ માં સામાન્ય સ્થિતિ રહી હતી. હવે કદાચ આ છેલ્લો વેવ હોય તેવી શક્યતા છે. જેથી આ સકારાત્મક સમાચાર કહી શકાય. આ વેવ બાદ કોરોનાનો એક પણ વેવ નહી આવે તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી. મોટી મહામારીઓ અત્યાર સુધી આ જ પેટર્નથી ચાલી હોવાનું કોરોનામાં પણ આ પેટર્ન ચાલે તેવી શક્યતા છે.

સૌરવ ગાંગુલી સ્વસ્થ થતા હોસ્પિટલમાંથી રજા અપાઈ

નવી દિલ્હી, તા.૩૧

ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન તેમજ ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ સૌરવ ગાંગુલી કોરોનાથી સાજા થઈ ગયા છે.તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે.

કોરોના પોઝિટિવ આવ્યા બાદ સૌરવને કોલકાતાની એક હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.૨૭ સપ્ટેમ્બરે તેમની તબિયત ખરાબ થયા બાદ કોરોના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો હતો.જોકે હવે તે હોસ્પિટલમાંથી બહાર આવી ગયા છે.ઘરે તે હાલમાં ડોક્ટરોની નજર હેઠળ રહેશે.

રાજસ્થાનના વૃદ્ધના રિપોર્ટ નેગેટિવ છતાં ઓમિક્રોનથી મોત

ભારતમાં ઓમિક્રોનથી મોતનો સિલસિલો શરૂ : સેમ્પલને જિનોમ સિક્વન્સિંગ માટે પૂણેની લેબમાં મોકલાતા ઓમિક્રોનનુ સંક્રમણ હોવાનુ બહાર આવ્યું હતું

જયપુર, તા.૩૧

ભારતમાં કોરોનાના નવા વેરિએન્ટ ઓમિક્રોનની એન્ટ્રી થયા બાદ હવે તેનાથી દર્દીઓના મૃત્યુ પામવાનો સિલસિલો પણ શરુ થયો છે. રાજસ્થાનના ઉદેપુરમાં ૭૫ વર્ષના વૃધ્ધનુ ઓમિક્રોન વેરિએન્ટથી સંક્રમિત થયા બાદ મોત થયુ છે.હેરાન કરનારી વાત એ છે કે, તેમના કોરોના રિપોર્ટ બે વખત નેગેટિવ આવ્યા હતા.

જાણકારી પ્રમાણે તેમની ઉદેપુરની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી.એક દિવસ પહેલા જ તેમનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો.આ પહેલા ૧૫ ડિસેમ્બરે તેમની તબિયત બગડયા બાદ તેમને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા.

ભારતે ન્યૂક્લિયર પાવર્ડ સબમરીન લોન્ચ કરી દીધી

ભારત ઝડપથી હથિયાર ખરીદી રહ્યું છે : અરિહંત ક્લાસની ત્રીજી ન્યુક્લિયર સબમરિન ૨૩ નવેમ્બરે વિશાખાપટ્ટનમના ગુપ્ત શિપ યાર્ડમાંથી લોન્ચ કરી

નવી દિલ્હી, તા.૩૧

ચીન અને પાકિસ્તાનના છાશવારે અટકચાળાના કારણે ભારત હવે ઝડપભેર નવા હથિયારો ખરીદી રહ્યુ છે કે બનાવી રહ્યુ છે.

ભારતે પોતાની ત્રીજી મહાવિનાશક ન્યુક્લિયર પાવર્ડ સબમરિનને ચૂપચાપ લોન્ચ કરી દીધી છે.અરિહંત ક્લાસની આ ત્રીજી ન્યુક્લિયર સબમરિન છે.તેને ૨૩ નવેમ્બરે ભારતે પોતાના વિશાખાપટ્ટનમ ખાતેના ગુપ્ત શિપ યાર્ડમાંથી લોન્ચ કરી હતી.આ સબમરિન ૭૦૦૦ ટનની છે.

અરિહંત ક્લાસની બે સબમરિનો અરિઘાત અને અરહિંતને પહેલા જ ભારત લોન્ચ કરી ચુકયુ છે. બ્રિટનના એક ડિફેન્સ મેગેઝિને સેટેલાઈટ તસવીરોના આધારે દાવો કર્યો છે કે, આ સબમરિનને એક જગ્યાથી બીજી જગ્યાએ લઈ જવામાં આવી છે.

મેગેઝિને દાવો કર્યો છે કે, અગાઉની બે ન્યુક્લિયર સબમરિન કરતા આ સબમરિન વધારે મોટા કદની છે. તેનુ વજન ૭૦૦૦ ટન

● અનુસંધાન પાન-૭ પર

કાપડ પર GST ૫ ટકા યથાવત

જીએસટી કાઉન્સિલની બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો : રાજ્ય સરકારો અને ટેક્સટાઇલ ઇંડસ્ટ્રી જીએસટી રેટ વધારવાનો વિરોધ કરતા કાઉન્સિલે નમતું જોખ્યું : ફુટવેર પરનો ટેક્સ યથાવત રખાયો

નવી દિલ્હી, તા.૩૧

જીએસટી કાઉન્સિલની શુક્રવારે મળેલી બેઠકમાં સર્વાનુમતે ટેક્સટાઈલ પર લાદવામાં આવેલા ૧૨ ટકા નવા જીએસટી રેટને પરત ખેંચવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સૂત્રોએ જણાવ્યા મુજબ ગુજરાત દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવેલા સિંગલ એજન્ડાને લઈને આજે જીએસટી કાઉન્સિલની બેઠક મળી હતી જેમાં નિર્ણય કરવામાં આવ્યો કે ૧ જાન્યુઆરીથી કાપડ પર લાગુ થનાર નવા જીએસટી દર ૧૨ ટકાની જગ્યાએ હવે ફરી જૂના દર ૫ ટકા જ લાગશે. જીએસટી કાઉન્સિલની આ પહેલાની બેઠકમાં ટેક્સટાઈલ અને જૂતા ચંપલ પર જીએસટી રેટ વધારવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જે મુજબ ૧ જાન્યુઆરીથી દર ૫ ટકા ટેક્સની જગ્યાએ ૧૨ ટકા ટેક્સ થવા જઈ રહ્યો હતો. જોકે ૩૦ ડિસેમ્બરના રોજ અનેક રાજ્યોએ ટેક્સટાઈલ પર વધારવામાં આવેલા જીએસટી દર અંગે વિરોધ દર્શાવ્યો હતો અને કાપડ પર જીએસટી પથી ૧૨ ટકા કરવાના નિર્ણયને સ્થગિત કરવા અંગે માગણી કરી હતી. કેન્દ્રીય નાણા પ્રધાન નિર્મલા સિતારમણના અધ્યક્ષ સ્થાને બજેટ પહેલા મળેલી જીએસટી કાઉન્સિલની આ બેઠકમાં

ગુજરાત, પ.બંગાળ, દિલ્હી, રાજસ્થાન અને તામિલનાડુ સહિતના રાજ્યોએ ૧ જાન્યુઆરીથી જીએસટીની ટકાવારી વધારવાના નિર્ણયનો વિરોધ કર્યો હતો.

ગુજરાત દ્વારા પ્રસ્તાવિત સિંગલ એજન્ડાને લઈને મળેલી જીએસટી કાઉન્સિલની ૪૬મી બેઠકમાં આખરે કાપડ પર જીએસટી વધારવાના નિર્ણયને મુલતવી રાખવામાં આવ્યો હતો. કારણ કે જુદા જુદા રાજ્યોમાં અનેક ટેક્સટાઈલ એસોસિએશન અને વેપારી મંડળો દ્વારા પણ આ દર વધારાનો વિરોધ કરવામાં આવી રહ્યો હતો. સરકાર દ્વારા તેમની માગણી ધ્યાને રાખવામાં આવી હતી જોકે બૂટ-ચપ્પલ મામલે જીએસટી કાઉન્સિલ તરફથી કોઈ રાહત આપવામાં આવી નથી તેમજ વધારવામાં આવેલા ટેક્સને ન તો પાછો લેવામાં આવ્યો છે ન સ્લેબમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો છે.

અગાઉ આ બેઠક જાન્યુઆરીમાં થવાની હતી. જીએસટી કાઉન્સિલની છેલ્લી બેઠકમાં રુ. ૧૦૦૦થી નીચેના રેડીમેડ કપડાં અને શૂઝ પર ટેક્સ વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જોકે આજની મીટીંગમાં રેડીમેઈડ ગાર્મેન્ટ પરનો વધેલો ટેક્સ પાછો ખેંચી લેવામાં આવ્યો હતો. પરંતુ એક હજારથી નીચેના જૂતા અને ચપ્પલ પર ૧ જાન્યુઆરીથી પાંચના બદલે ૧૨ ટકા ટેક્સ લાગશે.

ગુજરાતના ટેક્ષટાઈલ વેપારીઓએ કાપડ ઉપર જીએસટીના વધારાનો વિરોધ કર્યો હતો. ગુરુવારે સરકારના નિર્ણયના વિરોધમાં અમદાવાદના ૫૦૦૦૦ કાપડના દુકાનદારો ૧૦૦થી વધુ કાપડ માર્કેટ અને મહાજન સાથે સંકળાયેલા વેપારીઓ, પ્રોસેસ હાઉસ સંચાલકો, રેડીમેડ ગારમેન્ટના વેપારીઓએ બંધ પાળ્યો હતો. બપોરે ૧૨ વાગ્યે તમામ વેપારીઓ અને દુકાનદારો પોતપોતાની પેઢી કે દુકાન આગળ તથા માર્કેટ આગળ જીએસટીના કાળા કાયદાના વિરોધ કરતાં બોર્ડ સાથે મૌન વિરોધમાં જોડાયા હતા.